**આમોદ ના મહેરબાન પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં**

**મુકામ આમોદ**

**રે.મુ.નંબર ૧૦૦-૨૦૧૫**

| વાદી | આ.ઉ. વર્ષ | ધંધો | રેહવાસી |
|---|---|---|---|
| (૧)ભાઈલાલ ધુળાભાઈ ઠાકોર | ૬૨ | ખેત મજુરી | રનાડા તા.આમોદ |

વીરુધ્ધ

પ્રતીવાદી

(૧)મગનભાઈ મોહનભાઈ પા.વા.

(૨)પુનાભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ

(૩)સરપંચશ્રી ગ્રામ પંચાયત રનાડા

(૪)તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત રનાડા

વાદીયો તર્ફે વી.વ.શ્રી એન.એચ.પટેલ

પ્રતિવાદીયો તર્ફે વી.વ.શ્રી એમ.જી.મલેક

<u>આંક ૫ લગતહુકમ</u>

વાદીયો ની આંક ૫ ની અરજી ની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીયોએ હાલની અરજી દાવો ચાલતા દરમ્યાનનો કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે અરજી ની ટુંકમાં હકીકત એવી છે કે,"૧. નિચે જણાવેલ મિલકત યાને પ્લોટ નામદાર કોર્ટની હકુમતમા મોજે રનાડા તા. આમોદની વસ્તિ મધ્યે આવેલ છે.

**મિલકતની વિગત**

**પ્લોટ નંબર ૧ જે સર્વે નં ૨૨૦ ની જમીન પર પાડાવામા આવેલ છે જે પૈકી હે. ૦-૮૩-૬૧ ને પ્લોટ જેની ચતુર્દિશા નિચે મુજવ છે.**

**ઉત્તરે :-સર્વે નંબર ૨૨૦ પૈકીની જગ્યા**

**દક્ષિણ :-જાહેર રસ્તો આવેલ છે.**

પુર્વ :-સર્વે નંબર ૨૨૦ પૈકીની જગ્યા આવેલ છે.

પશ્ચિમ : -બૈરાજબેન હિંમતસિંહની વિધવાને ફાળવેલ પ્લોટ

૨. ઉપર પેરા ૧ મા જણાવેલ પ્લોટ તથા અન્ય પ્લોટો સર્વે નં ૨૨૦ ની જમીનમા પંચાયતે પાડેલા અને તાલુકા પંચાયતે પ્લોટો ઘર વિહોણાને આપવા ઠરાવેલ જેથી અમે તથા અન્ય લોકોએ કિરાયે પ્લોટ મેળવવા પંચાયતમા અરજી કરેલી જેને આધારે તાલુકા પંચાયતે અમોને પ્લોટ આપવા માટે મંજુરી આપેલ અને દાવા અરજીના પેરા ૧ મા જણાવેલ પ્લોટ જે હે-૦-૮૩-૬૧ ચે.મી. દિઠ રૂપિયા ૦.૧૦ પૈસાના દરથી રુપિયા ૮.૪૦ પૈસાની રકમ આકાર તરીકે ભરવા ખુશી બતાવવા તાલુકા પંચાયતે અમોને પ્લોટની સનદ વિવિધ શરેતોને આધિન આપેલી, જે સનદ નિચે તાલુકા વિકાસ અધિકારી તેમજ સર્કલ ઓફિસર તથા અમારા ગામના તલાટી અને સરપંચની સહીઓ છે. સદર પ્લોટ ઉપર બાધકામ કરવા અમોએ સદર આવાસ યોજના અન્વયે કાર્યવાહી કરેલી અને તારીખ ૨૭/૮/૨૦૧૨ના અરસામા સદર પ્લોટ ઉપર મકાન બનાવવા અમોને સરકાર તરફથિ રુપિયા ૪૫,૦૦૦/- મંજુર કરેલા અને તે પૈકી અમોએ રૂપિયા ૨૧,૦૦૦/- બેંકમાથી ઉપાડેલા છે. જેથી દાવાના પેરા-૧ મા જણાવેલ પ્લોટ સનદના આધારે અમો માલિક છીએ તેવુ જાહેર કરશોજી.

૩. સદર અમોને ફાળવેલા પ્લોટની દક્ષિણે જાહેર રસ્તો અમારા ગામથિ કુરચન જવાનો આવેલ છે. સદર રસ્તો છોડી દક્ષિણ પ્રતિવાદી નંબર ૧ નુ ઘર આવેલ છે. પ્રતિવાદી નંબર ૧ નાએ તેના ઘરની દિક્ષિણે દબાણ કરી બાધકામ કરેલ છે. જે સાથે અમારે લેવા દેવા નથી. પરંતુ અમોને પ્લોટ મળતા અમારા પ્લોટને અડીને દક્ષિણે પ્રતિવાદીએ થાભલા ઉભા કરી તે ઉપર પતરા નાખી તેમજ આજુબાજુ કરાઠીયાની દિવાલ બનાવી દબાણ કરી દિધેલુ. સદર દબાણના કારણે અમો અમારા પ્લોટમા વાહન મારફતે કે જાતે લઇ આવી શકીએ તેમ ના હોય, દક્ષિણ બાજુ અમારાથી બારણુ પણ મુકાય તેમ કહેવા દિધેલ નથી જેથી પ્રતિવાદી નં ૧ ને કહેતા થાય તે કરી લેવાની ધમકી આપેલી. પ્રતિવાદી નંબર ૧ સાથે અમારા ગામન સરપંચ મળેલા હોય, પંચાયતે તે

**દબાણ દુર ના કરતા અમો વાદીએ તાલુકા પંચાયત આમોદ, જુલ્લા પંચાયત ભરૂચને વખતો વખત દબાણ દુર કરાવવા અરજિઓ કરેલી પરંતુ તેઓએ કોઇ પગલા ન લેતા અમોએ મુખ્યમંત્રી ફરીયાદ નિવારણ શાખામાં અરજી કરેલિ. તેઓ સાહેબે જિલ્લા પંચાયતને દબાણ દુર કરવા આદેશ આપતા જિલ્લા પંચાયતે તાલુકા પંચાયતને દબાણ દુર કરવા આદેશ  કરેલ તેમ છતાપ્રતિવાદી સરપંચ અને તલાટીએ દબાણ દુર કરેલ નથી. પ્રતિવાદીઓનુ કૃત્ય ગેરકાયદેસરનુ હોય, સદર દાવો અરજન્ટ પ્રકારનો હોય, દાવો કરતા અગાઉ પંચાયત એક્ટની કલમ ૨૭૦ મુજબ નોટીસ આપેલ નથી તે જાહેર થાય. પ્રતિવાદીઓએ દબાણ દુર કરેલ ના હોય જેથી હાલની અરજી દરમ્યાન આદેશાત્મક મનાઇ હુકમ તથા દરમ્યાન મનાઇ હુકમ મેળવવા આપેલ છે.**

૪. પ્રતિવાદી નં ૨ ગ્રામ પંચાયત રનાડાના હાલના દુટાયેલા સરપંચ છે તેઓએ ગામતળની જમીન ઉપર ઉગેલા લીલા ઝાડ કાપી નાખેલા જે બાબતે ગામના લોકો અને અમોએ અરજી કરતા લિલાઝાડ કાપવાનો ગુનો બનેલ અને રુપિયા ૧૦,૨૦૦/- દંડ થયેલ છે. તેમજ તેની સામે જિલ્લા પંચાયતમા હોદ્ધાના દુરઉપયોગ બાબતે કાર્યવાહી થઇ છે. જેથી તે અમારી ઉપર રિસ રાખે છે અને તે તલાટી સાથે મળી જઇ ગ્રામ પંચાયત રનાડામા દબાણ કરાવા ઠરાવ કરતા નથિ કે ઉપલા અધિકારીઓના દબાણ દુર કરવાના હુકમને ગણકારતા નથી. અમોને મળેલ પ્લોટમા મકાન બનાવવુ છે પરંતુ આ દબાણને કારણે પ્લોટ સુધિ ઇટ,રેતી લઇ જઇ આવી શકતુ નથી જેથી નામદાર કોર્ટ પ્રતિવાદી નંબર ૧ તથા પંચાયત અને પંચાયતના સરપંચ, તલાટિ સામે હુકમ કરવા સક્ષમ હોય હાલનો દાવો આપવો પ્રાપ્ત કરેલ છે."તેવુ જણાવેલ છે.

**વધુમાં વાદીયોએ એવુ કથન કરેલ છે કે,તેઓનો પ્રથમ દર્શનીય કેશ છે.બેલેન્સ ઓફ કન્વીયન્સ તેઓના લાભમાં છેઅને જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં નઆવે તો તેઓને નાણાથી ભરપાઇ નથઇ શકે તેવુ નુકશાન જાય તેમ છે તેવુ જણાવેલ છે અને આ અરજી કરી વાદીયોએ એવી દાદ માંગેલ છે કે,**

દાદ:

અ. પ્રતિવાદી નંબર ૨ અને ૩ ગ્રામ પંચાયત રનાડાના સરપંચ અને તલાટી છે જેઓ ઉપલા અધિકારીઓએ કરેલ આદેશ મુજબ અમારા પ્લોટની દક્ષિણે સરકારી રસ્તાની જગ્યામા અમારા પ્લોટને અડીને જે છાપરા બનાવી દબાણ કરેલ છ તે દબાણ તાત્કાલીક દુર કરાવે તેવો દરમ્યાન આદેશ ફરમાવશોજી.

બ. પ્રતિવાદી નંબર ૧નાએ પ્લોટને અડીને દક્ષિણે રસ્તાની જગ્યામા અમોને અંતરાય થાય તેમ છાપરી બનાવી છે તે તાત્કાલીક દુર કરે તેવો દરમ્યાન આદેશાત્મક મનાઇ હુકમ ફરમાવશોજિ.

ક. પ્રતિવાદી નંબર ૧ જાતે તેના માણસો નોકરો એજન્ટો દબાણ દુર કર્યા પછી ફરીથી કોઇ દબાણ કરે કરાવે નહી તેમજ પ્રતિવાદી નંબર ૨ થી ૪ કોઇ ગેરકાયદેસર કૃત્ય કરે કરાવે નહી તેવો દરમ્યાન મનાઇ હુકમ ફરમાવશોજિ.

ઇ. આ અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથિ અપાવશોજી.

જ. આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજીદાદ ફરમાવશોજિ.

તેવી દાદ માંગેલ છે.

વાદીયોએ સદર અરજી દાખલ કરતા અરજન્ટ કારણ દર્શક નોટીસ પ્રતીવાદીયોને કાઢવામાં આવેલ છે જે બજી જતા પ્રતીવાદીયો તેમના વીદ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક ૨૮ થી પ્રતીવાદી નં.૧ નાએ વાદીયો ની દાવાઅરજી અને કામચલાઉ મનાઇ હુકની અરજીનો સંયુક્ત જવાબ આપેલ છે જેમાં પ્રતીવાદીયોએ વાદીયો ની દાવા અને મનાઇ હુકની અરજીનો મહદ અંશે ઇન્કાર કરેલ છે અને ખરી હકીકત તરીકે એવી હકીકત જણાવેલ છે કે,

" અમો પ્રતિવાદી નંબર ૧ ની મિલકત દાવાવાળી મિલકતની દક્ષિણે આવેલી છે સદર મિલકત અમો પ્રતિવાદી નંબર ૧ ની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની છે અને તેનો વાપર ઉપભોગ ઉપયોગ અમો પ્રતિવાદી નં-૧ વર્ષોથી કરીએ છીએ. વાદીએ તેમની દાવા અરજીના પેરા-૩મા જણાવેલ વર્ણન કરેલ મિલકત સાથે અમારી રહેણાકની મિલકત

આવેલી છે સદર જગ્યામા અમારા ઢોર ઢોખર રાખીએ છીએ અને ઘાસચારો રાખીએ છીએ. સદર મિલક્ત વાદી માલિક નથી. સદર મિલકતનો ૩૦ વર્ષ ઉપરાંત ગામ લોકો તતા પંચાયતની જાણ, માહીતીમા બિન રોક ટોક વાપર ઉપભોગ, ઉપયોગ કરીએ છીએ. સદર જગ્યામા અમો પ્રતિવાદી નં-૧ નો કાયદેસરનો હક્ક, હિત અને અધિકાર આવેલ છે. પરંતુ સદર કામમા વાદી ખોટી રિતે અમારી જગ્યા હડપ કરી જવા માગે છૈ વાદી દ્વારા તેમની દાવા અરજીના પેરા-૧ મા ચર્તુદીશાથી દર્શાવેલ જગ્યા સરદાર આવાસ યોજના હેઠળ નીમ કરવામા આવી નથી. સદર જગ્યાએ તેમનો કોઇ પ્લોટ આવેલ નથી. ખરેખર બેરાજબેન હિંમતસિંહની વિધવા એ પણ નીમ થયા વગરની પંચાવટની જગ્યામા ગેરકાયદેસર દબાણ કરી બાધકામ કરી લીદેલ છે. જેથી વાદી પણ નીમ થયા વગરની જગ્યામાં ગેરકાયદેસર દબાણ કરી બાધકામ કરવા માગે છે તેમ કરવાનો તેમને કોઇ અધિકાર નથી જેથી વાદીનો દાવો રદ્દ કરશોજી.

અમો પ્રતિવાદી નં૧ એ રસ્તાની જગ્યામા ગેરકાયદેસર દબાણ કરેલ છે તેવુ પંચાયતી સત્તાધિશો દ્વારા આજદિન સુધિ ઠેરવવામા આવેલ નથી. વાદીએ અમો પ્રતિવાદી નંબર ૧ વિરુધ્ધ વારંવાર ખોટી અરજીઓ કરેલ છે સદર અરજી સબંધી અમો પ્રતિવાદી નંબર ૧ વિરુધ્ધ સત્તાધિશો કોઇ કાર્યવાહી કરવામા આવેલ નથિ. વાદીનો બદઇરાદો અમોને ખોટી રિતે હેરાન કરવાનો છે અમો પ્રતિવાદી નંબર ૧ એ વાદીએ જણાવ્યા મુજબનો કોઇ દબાણ કરેલ નથિ. જેથી પંચાયતે કાયદા મુજબનુ વર્તન અમો પ્રતિવાદી નં ૧ સાથે કરેલ છે જેથી વાદીનો દાવો રદ્દ કરશોજી.

સરદાર આવાસ યોજના હેઠળ મોજે રનાડાની બ્લોક નંબર ૨૧૯ તથા ૨૨૦ પૈકી જગ્યા મફત પ્લોટ માટે નીમ કરવામા આવેલ છે સદર જગ્યામા અન્ય લાભાર્થીઓના આવાસો આવેલા છે પરંતુ વાદી અમો પ્રતિવાદી નંબર ૧ ને ખોટી રિતે હેરા કરવા માગતા હોય તેમનો સદર જગ્યાએ પ્લોટ ફાળવેલ ન હોવા છતા ગેરકાયદેસર પંચાયતની મિલકતમા દબાણ કરી સદર જગ્યા હડપ કરી જવા માગે છે જેથી અમો પ્રતિવાદી નંબર ૧ ઉપર

ખોટુ દબાણ કરવાના બદઇરાદાથી વાદીએ હાલનો દાવો કરવાનો કોઇ અધિકાર ન હોય છતા ખોટો દાવો કરેલ છે જેથી વાદીનો દાવો રદ કરશોજી.

વાદી ખરેખર બી.પી.એલ. હેઠળના અધિકાર મેળવવાને પાત્ર નથી. પરંતુ જે તે વખતમા તલાટી તથા સરપંચના મેળાપિપણમા તેઓ ખોટી રિતે સદર યોજના હેઠળ પ્લોટની ફાળવણી કરવામા આવેલ છે જેથી સદર દાવાના પ્રતિવાદી નંબર ૩ એ તે સંબંધીની હકીકત જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજુ કરેલ અને તેમની ફાળવણી રદ્દ કરવા રજુઆત કરેલી. જેની રિસ રાખી વાદીએ ખોટી રિતે પ્રતિવાદી નંબર ૨ અંગત રિતે પક્ષકાર તરીકે દાખલ કરેલ છે અને તે દ્વારા પંચાયત તેમની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી ન કરે તેવા બદઇરાદાથી તેમની વિરુધ્ધ હાલનો દાવો કરેલો છે "તેવુ જણાવી વાદીયોનો દાવો અને મનાઇ અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલ છે.

આંક ૨૯ થી પ્રતીવાદી નં.૨ થીજ નાએ વાદીયો ની દાવાઅરજી અને કામચલાઉ મનાઇ હુકની અરજીનો સંયુક્ત જવાબ આપેલ છે જેમાં પ્રતીવાદીયોએ વાદીયો ની દાવા અને મનાઇ હુકની અરજીનો મહદ અંશે ઇન્કાર કરેલ છે અને ખરી હકીકત તરીકે એવી હકીકત જણાવેલ છે કે,

" સરકારશ્રીએ ગરીબ રેખા નિચે જીવતા લોકો માટે મફત પ્લોટો ફાળવવાની યોજના અમલમા મુકેલી. આ યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબોને મફત પ્લોટો ફાળવવા માટે સરકારશ્રી દ્વારા મોજે રનાડા તા. આમોદ., જી. ભરૂચની બ્લોક /સર્વે નંબર ૨૧૯ ની હે.૦.આરે.૬૦ ચો.મી. ૭૦ તથા બ્લોક નંબર ૨૨૦ પૈકીની હે.૦.આરે.૨૮ચો.મી.૭૦. ની જગ્યા નીમ કરવામા આવેલી અને તે સંબધી સદર મિલકત રેવન્યુ રેકર્ડમા ફેરફાર નોંધ નંબર–૨૭૯૨ થી નોંધ પ્રમાણિત થયેલ છે તે સિવાય ની બ્લોક નંબર ૨૨૦ ની બાકિ રહેતી જગ્યામા સ્કુલ,મંદિર, કબ્રાસ્તાન તતા ખુલ્લી જગ્યા આવેલી છે સદર ખુલ્લી જગ્યા મફત પ્લોટો માટે સરકારશ્રી દ્વારા નીમ કરવામા આવેલ નથી. જેથિ

વાદીનો દાવો તદ્દન ખોટો હોય રદ કરશોજી.

પેરા-૭

સદર કામના વાદીએ દાવા અરજીના પેરા-૧ મા જે મિલકત દર્શાવેલી છે તે જગ્યા મફત પ્લોટો ફાળવણી માટે નીમ કરવામા આવેલ નથી. પરંતુ સદર કામમા વાદી સરકારશ્રીના યોજનાના ઓથા હેઠળ દાવા અરજીના પેરા-૧મા ચર્તુદિશાથી જણાવેલ કે જે પંચયતની માલિકીની જગ્યા છે. જેમા ગેરકાયદેસર દબાણ કરી પંચાયતની મિલકત હડપ કરી જવા માંગે છે સદર દાવાવાળી મિલકત ઉપર વાદીનો કોઇપણ પ્રકારનો હક્ક,હિત, અધિકાર નથી કે કોઇ લેવા દેવા નથી. પરંતુ વાદીનો બદઇરાદો સદર ખોટા દાવા દ્વારા પંચાયત ઉપર ખોટુ દબાણ લાવવા માગે છે જેથી વાદીનો દાવો રદ્દ કરેશોજી.

પેરા-૮

સરકારશ્રી દ્વારા નીમ થયેલી જગ્યામા પ્લોટો  પાડવામા આવેલ છે સદર પ્લોટોના લાભાર્થીઓને સદર પ્લોટો ઉપર બાધકામ કરવા માટે સરકારશ્રી દ્વારા પ્લોટ દિઠ રૂપિયા ૪૫,૦૦૦/- ની સહાય આપવાનુ નક્કી કરવામા આવેલુ. તે પૈકી વર્ક ઓર્ડર મળ્યા બાદ તાલુકા પંચાયત આમોદ દ્વારા પ્લોટ લાભાર્થી રૂપિયા ૨૧,૫૦૦/- નો પ્રથમ હપ્તો ચુકવવામાં આવેલો. સદર વર્ક ઓર્ડર મુજબ તા. ૩૧/૧૨/૨૦૧૨ સુધીમા લાભાર્થી એ સદર પ્લોટમા નિયત કર્યા મુજબનો બાધકામ પુરુ કરવાનો હતો. પરંતુ સદર કામના વાદીએ આવાસ બાધકામ માટે રૂપિયા ૨૧,૦૦૦/- ની રકમ ઉપાડી લિધા બાદ આજદિન સુધી તેમને ફાળવેલ પ્લોટમાં બાધકામ કરેલ નથિ. જેથી તાલુકા વિકાસ અધિકારી આમોદએ વાદીને પ્રથમ હપ્તાની રકમ રૂપિયા ૨૧૦૦૦/- પરત જમા કરાવવા હુકમ કરેલ અને વાદીના આવાસનુ કામ રદ્દ કરવા નોટીસ આપેલી. આમ વાદીએ સરકારશ્રીની રકમ પરત જમા કરાવી ન પડે તેટલા માત્ર બદઇરાદાથી હાલનો દાવો ખોટો બચાવ કરવા ઉભો કરેલ છે. જેથી વાદીનો દાવો રદ્દ કરશોજી.

પેરા-૯

વાદી તેના દાવામા પ્રતિવાદી નંબર–૧ નો જે દબાણ જણાવે છે તે સબંધીનો કોઇ હુકમ

સક્ષમ અધિકારી તરફથી આજદિન સુધી અમો પ્રતિવાદી નંબર ૩,૪ ને મળેલ નથિ. જેથી તે સંબધી કાર્યવાહી કરવાનો કોઇ પ્રશ્ર્ન ઉભૌ થતો નથી. સમક્ષ અધિકારી તરફથી હુકમ મળ્યેથી અમો પ્રતિવાદી નં.૩,૪, એ અમારી કાયદેસરની ફરજમા કોઇ ચુક કરેલ નથી ખરેખર વાદીને અમો પ્રતિવાદી નંબર ૧ થી ૩ સાથે અણબનાવ હોય અને વિરૂધ્ધ રાજકીય જુથવાળા હોય કોઇ પણ સંજોગોમા અમો પ્રતિવાદી નંબર ૩ ને સરપંચ તરીકેના હોદ્દાથી દુર કરવા માગે છે અમો રનાડા ગામના પછાત કોમના સરપંચ હોય જે વાદીને પસંદ ના હોય અમો પ્રતિવાદી નંબર ૩ ને કોઇ પણ સંજોગોમા સરપંચ તરીકેના હોદ્દાથી દુર કરવા માગતા હોય ખોટી હકીકતો તથા કારણૌ દર્શાવી હાલનો ખોટો દાવો કરેલો છે જેથી વાદીનો દાવો રદ્દ કરશોજી."તેમ જણાવી વાદીયોની દાવા અરજી અને આંક ૫ ની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

આ અરજી ના સમર્થનમાં વાદીયો તર્ફે નિચે મુજબના દશતાવેજો આંક ૩ ના લીષ્ટથી રજુ કરેલ છે.

૧. નમુના "હ" (નિયમ-૪૩) ખાતેદાર થવા માંગતા શખ્શોનુ કબુલાત.

૨. પ્લોટ કબજા રસીદ

૩. સરદાર પટેલ આવાસ યોજનાનો વર્ક ઓર્ડર.

૪. તાલુકા વિકાસ અધિકારીએ આપેલ નોટીસનુ કવર

૫. તાલુકા વિ.અ. આમોદનાએ અમો વાદીને આપેલ નોટીસ

૬. તાલુકા વિકાસ અધિકારીએ આપેલ નોટીસનો જવાબ.

૭. અમો વાદીએ મુખ્યમંત્રીશ્રીને કરેલ અરજી

૮. દબાણ બાબતે અમો વાદીએ કરેલ અરજી.

૯. સરપંચશ્રી/તલાટીને દબાણ દુર કરવા માટે આપેલ અરજિ.

૧૦. જિલ્લા વિકાસ અધિકારીને કરેલ દબાણ દુર કરવા માટેની અરજી

૧૧. દબાણ દુર કરવા ફરીયાદ નિવારણમા કરેલ અરજી
૧૨. તાલુકા વિકાસ અધિકારી આમોદને બજેલ એકનોલેજમેન્ટ
૧૩ જિલ્લા વિકાસ અધિકારી ભરૂચને બજેલ એકનોલેજમેન્ટ
૧૪ મુખ્યમંત્રીશ્રી ગુજરાતને બજેલ એકનોલેજમેન્ટ
૧૫. સરપંચશ્રી/તલાટી કમમંત્રીશ્રીને બજેલ એકનોલેજમેન્ટ
૧૬. સરપંચશ્રી/તલાટી કમમંત્રીશ્રીનરનાડાને બજેલ એકનોલેજમેન્ટ
૧૭. તા.વિ.અ.આમોદ બજેલ એકનોલેજમેન્ટ
૧૮. જિ.વિ.અ.ભરૂચને બજેલ એકનોલેજમેન્ટ
૧૯. મુખ્યમંત્રીશ્રી ગુજરાતને રાજ્યને બજેલ એકનોલેજમેન્ટ

વાદીયો તર્ફે નિચે મુજબના દશતાવેજો આંક ૩૧ ના લીષ્ટથી રજુ કરેલ છે.

| | |
|---|---|
| ૧. | તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત આમોદનાએ વાદીને આપેલ નોટીસ |
| ૨ | વાદીને મળેલ નોટીસનુ કવર |

પ્રતીવાદીયો તર્ફે નિચે મુજબના દશતાવેજો આંક ૨૭ ના લીષ્ટથી રજુ કરેલ છે.

| અ. નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | ફેરફાર નોંધ નંબર ૨૭૯૨ના હકકપત્રકની નમુના નં ૬ ની કરી નકલ | ૧૭/૧૨/૨૦૧૫ |
| ૨. | ફેરફાર નોંધ નંબર ૨૭૫૮ના હકકપત્રકની નમુના નં ૬ ની કરી નકલ | ૧૭/૧૨/૨૦૧૫ |
| ૩. | બ્લોક નંબર ૨૨૦ની નમુના નં. ૭ ની ખરી નકલ | ૧૪/૧૨/૨૦૧૫ |

| | | |
|---|---|---|
| ૪. | ડીસ્ટ્રીક્ટ સર્વે ભરૂચ એ આપેલ નકશાની ખરી નકલ | ૨૪/૧૧/૨૦૧૫ |
| ૫. | નમુનો-બની ડિસ્ટ્રિક્ટ સર્વે ભરૂચ આપેલ ખરી નકલ | ૨૪/૧૧/૨૦૧૫ |

આ કામે દાવાવાળિ મીલકતનુ કોર્ટ કમીશનર શ્રી મારફતે પંચનામુ તથા નકશો તૈયાર કરવામાં આવેલ છે જે પંચનામુ ની.૧૪/૨ થી અને નકશો ની.૧૪/૩ થી રજુ થયેલ છે જે પંચનામુ જોતા તેમાં નીચે મુજબનો ઉલ્લેખ કરેલ છે.

પંચનામુ

"તમો નામદાર કોર્ટથી નિમાયેલા કોર્ટથી નિમાયેલ કોર્ટ કમિશ્નર શ્રી એ.એ. પઠાણના બોલાવાથી અમો વાદી તર્ફે પંચ નંબર (૧) માનસિંહ માધવસિંહ રાઠોડ, રહે. રનાડા, તા. આમોદ જી. ભરૂચ, ઉ.વ.આ. ૬૩ ધંધો. ખેતી તથા પ્રતિવાદી તર્ફે પંચ ભીખાભાઇ ધુળાભાઇ ઠાકોર, રહે. રનાડા, તા. આમોદ, જી. ભરૂચ ઉ.વ.આ. ૫૦ ધંધો. ખેતીનાઓ દાવવાળી તકારારી જગ્યાએ હાજર થઇ ને લખાવીએ છીએ કે ..

(૧) મોજે ગામ રનાડા, તા. આમોદ વસ્તિ મધ્યે મંદિર ફળિયામા દાવાવાળી ગભાણ એટલે કે ખુલ્લી જગ્યા મિલકત નંબર ૨૨૦ પૈકીથી આવેલી છે. જે ગભાણની ચતુરદિશા નિચે મુજન છે.

પુર્વે :- ખુલ્લી જગ્યા આવેલ છે.

પશ્ચિમે :- બૈરાજબેન હિંમતસિંહની વિધવાનુ મકાન છે.

ઉત્તરે :- સર્વે નંબર ૨૨૦ પૈકીની ખુલ્લી જગ્યા છે.

દક્ષિણે :- જાહેર રસ્તો આવેલો છે.

(૨) ઉપરોક્ત પેરા નં બર ૧ મા જણાવેલ ગભાણની દક્ષિણે નિરિક્ષણ કરતા જાહેર રસ્તો આવેલો છે. અને રસ્તો છોડી ૨૨૦ વાળી મિલકતમા પ્રથમ ભાગમાં લંબાઇ માપતા ૫૭ ફુટ ઉત્તરે-દક્ષિણે છે. તથા પુર્વ પશ્ચિમ પહોળાઇ ૪૨ ફુટ છે અને તે બાગમા ઢોરો

બાધેલા છે. એક લીમડો આવેલો છે.

(૩) ત્યાર દાવાવાળી તકરારી જગ્યાનુ નિરીક્ષણ કરતા અડાળૂ બાધેલુ છે તે અડાળૂ પુર્વ-પશ્ચિમ પહોળાઇ ૩૨ ફુટ ૪ ઇંચ છે. અને ઉત્તર-દક્ષિણે લંબાઇ ૧૭ ફુટ ૬ ઇંચ છે. અને સદર અડાલાની ઉંચાઇ ૬ ફુટ છે. સદર અડાલુ લાકડાના ટેકાથિ તથા સિમેન્ટની થાભલીઓના ટેકાથી ઊભૂ કરેલ છે. અને સદર અડાલુ પતરાથી ઢાકેલ છે. અને સદર અડાળામા પલંગ, તિજોરી, તથા અન્ય વાસણો પડેલા છે. અને અડાળાની અંદર ઢોરોને ખાવા માટે મગીનુ ગોતર પડેલ છે અને અડાળાની અંદર એક પંખો મુકેલો દેખાય છે.

(૪) સદર અડાળાની બહાર જતા નિરિક્ષણ કરતા ખુલ્લી જગ્યા છે. ત્યારબાદ થોરીયાની વાડ છે. અને થોરીયાની વાડ સાથે હદેરો, લીમડો ઝાડો ઉગેલા છે. અને તે જગ્યાની ઉત્તર-દક્ષિણ લંબાઇ ૭ ફુટ ૬ ઇંચ છે. જ્યારે તે ખુલ્લી જગ્યાની પુર્વ-પશ્ચિમ પહોળાઇ ૩૫ ફુટ ૭ ઇંચ છે.

(૫) ત્યારબાદ દાવાવાળી જગ્યાનુ નિરિક્ષણ કરતા પાછળના ભાગે જે ૨૨૦ વાળી દાવાવાળી તકરારી જગ્યા છે તેણી ઉત્તર-દક્ષિણે લંબાઇ ૮૭ ફુટ છે. અને પુર્વ-પશ્ચિમ પહોળાઇ ૩૬ ફુટ ૬ ઇંચ છે તે જગ્યા ખુલ્લી છે. અને તે જગ્યામા ઢોરો બાધેલા છે. અને પુર્વ બાજુએ ઉકરડા પડેલા છે. અને સદર ખુલ્લી જગ્યામા વિગેરે ઝાડો ઉગેલા છે.

(૬) સદર દાવાવાળિ તકરારી જગ્યા દક્ષિણે ખુલ્લી જગ્યા છે. ત્યારબાદ તે જગ્યાની વચ્ચે અડાળુ બાધેલ છે. અને ત્યાર ફરીથી ખુલ્લી જગ્યા છે.

(૭) ઉપરોક્ત પંચનામુ તમો કમિશ્નરશ્રીએ અમો પંચોની રૂબરૂ તૈયાર કરેલ છે. તમો કમિશ્નરશ્રી લિધેલ તમામ માપો અમારા પંચોની હાજરીમા લિધેલ છે. જે બરાબર છે. અને તે બદલ અમો પંચોએ સહીઓ કરી આપેલ છે. "

આ અરજી લગત વાદીયો તર્ફે વી.વ.શ્રી એમ.એચ.પટેલે દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી દલીલો કરેલ છે કે,વાદીને સરકારશ્રી દ્વારા પ્લોટ ફાળવવામાં આવેલ છે અને તે પ્લોટની દક્ષીણે પ્રતીવાદીએ જાહેર માર્ગ ઉપર અડાળુ બનાવી તેમાં ઢોર રાખે છે

જેથી વાદી પોતાનુ મકાન બનાવવા માટે જે સરકારશ્રી દ્રારા તેમને સહાય આપવામાં આવેલ છે તેનો ઉપયોગ કરી મકાન બનાવી શકતા નથી આ અંગે વાદીએ વારંવાર પંચાયત ને મૌખીક અને લેખિતમાં પણ અરજ ગુજારેલ છે તેમ છતા પ્રતીવાદી નં.૨ હાલના સરપંચ છે તેમની સામે ગામલોકોએ લીલા ઝાડ કપાવી નાખવા બદલ ફરીયાદ કરેલી જેમાં હાલના વાદીએ સહી કરેલી તેની રીસ રાખિ પ્રતીવાદીનં.૨ વાદીને નોટીસો આપેલ છે વાદીએ વારંવાર રજુઆત કરવા છતા અને ગુજરાત ના મુખ્ય મંત્રીશ્રીને ફરીયાદ કરેલ છે અને પ્રતીવાદીનં.૧ નુ દબાણ દુર કરવા આદેસો થયેલ હોવા છતા પ્રતીવાદીયો એ એક બીજાના મેળાપીપણામાં પ્રતીવાદી નં.૧નુ દબાણ દુર કરેવાને બદલે વાદીને નોટીસ આપેલ છે વાદી જે જગ્યાએ થઇ માલ સામાન લઇ જાય તે રસ્તામાં પ્રતીવાદી નં.૧ નાએ રસ્તો બંધ કરી દીધેલ છે તો વાદી પોતાના પ્લોટમાં બાંધકામ કરવા માલ સામાન કઇ રીતે લઇ જઇ સકે?અને તેથી વાદીએ હાલનો દાવો કરેલો છે .વાદીએ હાલના તબકકે આદેસાત્મક મનાઇ હુકમ માંગેલો છે અને ના.કોર્ટને આવો હુકમ કરવાની સત્તા રહેલી છે તેવુ જણાવેલ છે અને તે દલીલના સમર્થનમાં ચેરમેન /સેક્રેટરી ભદ્રેસ્વર કો.ઓ.હાઉસીગ સોસાયટી વીરુધ્ધ મહારાજ સમોસા સેન્ટર ના કેશમાં ના.ગુજરાત વડી અદાલતે આપેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે. તથા એ.આઇ.આર.૨૦૧૧ સુ.કોર્ટ ૨૧૫૧ ઉપર નોંધાયેલ પુરસોત્તમ વીસાલદાસ રાહેજા અને બીજાઓ વી.શ્રીચંદ વીસનદાસ રાહેજા અને બીજાઓ ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.જે ચુકાદો માનસઃ વંચાણે લીધો.

વધુમાં વી.વકીલ શ્રી એન.એચ.પટેલે એવી દલીલો કરેલ છે કે,સીવીલ કોર્ટને સ્થાનીક સ્વરાજ્ય ની સંસ્થા સામે પણ આદેસાત્મક મનાઇ હુકમ આપવાની સત્તા છે તેવી દલીલ કરી તે દલીલ ના સમર્થનમાં ઠકકર રઘુરામભાઇ રણછોડભાઇ વી.પ્રમુખ રાધનપુર નગરપાલીકા અને બીજાઓના ના કેશમાં ના.ગુજરાત વડી અદાલતે આપેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે.જે ચુકાદો માનસઃ વંચાણે લીધો.

ઉપરોક્ત દલીલો કરી વી.વકીલ શ્રી એન.એચ.પટેલે માંગ્યા મુજબનો મનાઇ હુકમ મંજુર

કરવા અરજ ગુજારેલ છે.

સામાપક્ષે પ્રતીવાદીયો તર્ફે વી.વ.શ્રી એમ.જી.મલેકે દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી દલીલો કરેલ છે કે, વાદીયો એ તદ્દન ખોટો દાવો કરેલ છે કે ,વાદીયોએ હાલની જે દાવાવાળી જમીન બતાવેલ છે તેવી કોઇ જમીન આવાસ માટે નીમ થયેલી નથી.જે જગ્યા ખરેખર નીમ થયેલી છે તે ની.૨૭/3 થી રજુ થયેલ નકસામાં જણાવેલ જમીન છે .વાદી તેઓને જે જગ્યાએ જમીન ફાળવવામાં આવેલ છે તે જમીન સીવાય બીજી જગ્ગયાએ બાંધકામ કરવા માંગે છે .પ્રતીવાદી નં.૧ નાએ કોઇ દબાણ કરેલ નથી કે જો દબાણ કરેલ હોય તો પંચાયતે નોટીસ આપેલ હોપય આવી કોઇજ નોટીસ પંચાયતે પ્રતીવાદી નં.૧ ને આપેલ નથી વાદીએ જે દાદ માંગેલ છે તે મંજુર કરવામાં આવેતો આખા દાવાનો નીકાલ થઇ જાય તેમ છે અને તેવી દાદ હાલના તબકકે મંજુર કરી શકાય નહી તેમ જણાવી વાદીની આંક ૫ ની કામચલાઉ મનાઇ હુકમ ની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

અરજી જવાબ અને રજુ થયેલ દસ્તાવેજો અને બન્ને પક્ષના વી.વકીલશ્રીઓની દલીલો ધ્યાને લેતા આ અરજી ના નીર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

મુદ્દા નં.(૧) શું વાદીયોનો પ્રથમ દર્શનીય કેશ છે ?

મુદ્દા નં.(૨) શું બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદીયોના લાભમાં છે ?

મુદ્દા નં.(3) શું માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં નઆવેતો વાદિને નાણા થી ભરપાઇ નથઇ શકે તેવુ નુકશાન જાય તેમ છે ?

મુદ્દા નં.(૪) આખરી શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દા અંગે ના મારા નીર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નંબર(૧)અંશત:હકારમાં

મુદ્દા નંબર(૨)અંશત:હકારમાં

મુદ્દા નંબર(3)અંશત:હકારમાં

મુદ્દા નંબર(૪)આખરી હુકમ મુજબ

નીર્ણય અંગેના કારણો;

મુદ્દા નં.૧ થી ૩

ઉપરોક્ત મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧ થી ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી પુનરાવર્તન ટાળવા ત્રણે મુદ્દા ની એકીસાથે ચર્ચા કરુ છું.

એતો નીર્વીવાદીત હકીકત છે કે આંક ૫ નીર્ણય ના તબક્કે કોઇપણ દસ્તાવેજ નો તલસ્પર્શી અભ્યાસ કરવાનો હોતો નથી પરંતુ વાદીયોનો પ્રથમ દર્શનીય કેશ છે કે કેમ ?અને બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદીયોના લાભ માં છે કે કેમ ?અને માંગ્યા મુજબનો મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીયોને નાણાથી ભરપાઇ નથઇ શકે તેવુ નુકશાન જાય તેમ છે કે કેમ? તેટલા પુરતો નીર્ણય કરવા પુરતો દસ્તાવેજો નો અભ્યાસ કરવાનો રહે છે અને જ્યારે જાહેર હીત નો મુદ્દો હોય ત્યારે એક વધારાની એ બાબત દ્યાને લેવાની રહે છે કે ખાનગી હીત કરતા જાહેર હીતને પ્રાધાન્ય આપવુ જોઇયે અને તેટલા પુરતો દસ્તાવેજો નો અભ્યાસ કરવામાં આવેલ છે.

આ કામે વાદીયો એવી હકીકત લઇને અદાલત સમક્ષ આવેલ છે કે ,દાવાવાળી મીલકત જે સરકારશ્રી દ્રારા વાદીને સરદાર આવાસ યોજના હેઠળ ઘર બાંધવા માટે ફાળવવામાં આવેલ તે પ્લોટ ઉપર વાદી સરકારશ્રીની મળેલ સહાય થી પોતાનુ ઘર બાંધવા માંગે છે પરંતુ તે પ્લોટની દક્ષીણે રસ્તો છે ત્યાં પ્રતીવાદી નં.૧ ના એ ખોટી રીતે અદાળૂ બનાવી દબાણ કરી દીધેલ છે અને તે કારણસર વાદી પોતાના પ્લોટમાં મકાન બાંધવા માટે માલ સામાન લઇ જઇ શકતા નથી અને પ્રતીવાદી નં.૨ જે સરપંચ હોય તેઓ સામે ગામલોકોએ લીલા ઝાડ કપાવાની ફરીયાદ કરેલી તેમાં હાલના વાદીએ સહી કરેલી અને તેમાં તેઓને સજા થયેલી જેથી તે બાબતની રીસ રાખી પ્રતીવાદી નં.૧ ને મદદ કરે છે અને વાદીને ખોટી નોટીશ આપેલ છે તેવી હકીકત લઇને વાદી અદાલત સમક્ષ આવેલા છે.

પ્રતીવાદીયોયોનો બચાવ જોઇયે તો વાદીને જે જગ્યાએ પ્લોટ ફળવાયેલ છે તે જગ્યા વાદી જે જગ્યાએ બાંધકામ કરવા માંગે છે તે જગ્યા નથી. તેવો પ્રતીવાદીએ મુખ્ય

બચાવ લીધેલ છે.

આ કામે વાદી તર્ફે ની.૩/૧ થી રજુ કરેલ દસ્તાવેજ માં જણાવેલ વાદીને મળેલ પ્લોટની ચતુર્દીસા અને દાવાઅરજીમાં જણાવેલ ચતુર્દીસા મળી રહે છે ની.૩/૨ થી કબ્જા રસીદ રજુ થયેલ છે તે જોતા તેમાં પ્લોટ નં.ખાલિ રાખેલ હોય તેવુ જણાય છે.ની.૩/૩ થી રજુ થયેલ દસ્તાવેજ જોતા વાદીને મકાન બાંધવા સરકારશ્રી દ્વારા સહાય ચુકવવામાં આવેલ હોય તેવુ જણાય છે ની.૩/૫ જોતા સમયસર બાંધકામ પુર્ણ નકરવા બદલ વાદીને નોટીસ આપવામાં આવેલ હોય તેવુ જણાય છે. ની.૩/૬ થી ની.૩/૧૦ સુધી વાદીએ પ્રતીવાદી નં.૧ નુ દબાણ દુર કરવા જુદી જુદી કક્ષાએ રજુઆતો કરેલ હોય તેવુ જણાય છે.ની.૩/૧૧ થી રજુ થયેલ પત્રો જોતા તાલુકા વકાસ અધીકારીશ્રીને જુદી જુદી કક્ષાએથી વાદીની અરજીઓ ઉપર કાર્યવાદી કરવા હુકમ થયેલા હોય તેવુ જણાય છે.

હવે પ્રતીવાદી નં.૩ અને ૪ જે પંચાયત છે તેઓનો જવાબ જોતા વાદી જે જમીન ઉપર બાંધકામ કરવા માંગે છે તે નીમ થયેલી કે વાદીને ફળવાયલ જગ્યા નથી તેવુ જણાવેલ છે.અને વાદીને સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ રકમ થી નીયત શમય મર્યાદામાં બાંધકામ વાદીએ કરેલ નથી તેવુ જણાવેલ છે.

આ કામે વાદી તર્ફે જે <u>ચેરમેન /સેક્રેટરી ભદ્રેસ્વર કો.ઓ.હાઉસીગ સોસાયટી વીરુધ્ધ મહારાજ સમોસા સેન્ટર</u> ના કેશમાં ના.ગુજરાત વડી અદાલતે આપેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે.તે ચુકાદો જોતા તેમાં પ્રતીવાદીએ કેવીયેટ દાખલ કરેલ હતી અને તેની હખીકત છુપડાવીને વાદીએ દાવામાં સ્ટેટસકો નો હુકમ મેળવેલો અને વીવાદીત સ્થળે દીવાલનુ બાંધકામ કરી દીધેલ તે સંજોગોમાં ના.કોર્ટે વાદીના આવા કૃત્યને વખોડી કાઢેલ અને સામાદાવામાં પ્રતીવાદીને વચગાળાના સ્ટેજે આદેસાત્મક મનાઇ હુકમ આપેલ હાલના દાવામાં આવા કોઇ સંજોગો નથી તેથી હાલના તબકકે આ ચુકાદો વાદીને મદદ કર્તા જણાતો નથી.

આ કામે વાદી તર્ફે જે <u>ઠકકર રઘુરામભાઇ રણછોડભાઇ વી.પ્રમુખ રાધનપુર</u>

નગરપાલીકા અને બીજાઓના ના કેશમાં ના.ગુજરાત વડી અદાલતે આપેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે.જે ચુકાદો જોતા તેમાં નગર પાલીકાએ કાયદાકીય પધ્ધતી અનુસર્યા સીવાય કબ્જો લઇ લીધેલ તે સામે મનાઇ હુકમ આપેલ અને આવા કેસમાં આદેસાત્મક મનાઇ હુકમ સ્થાનીક સ્વરાજ્ય ની સંસ્થા સામે ફરમાવી સકાય તેવુ ઠરાવેલ.

આ કામે વાદી તર્ફે જે એ.આઇ.આર.૨૦૧૧ સુ.કોર્ટ ૨૧૫૧ ઉપર નોંધાયેલ પુરસોત્તમ વીસાલદાસ રાહેજા અને બીજાઓ વી.શ્રીચંદ વીસનદાસ રાહેજા અને બીજાઓ ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.જે ચુકાદો જોતા તેમાં ના.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે વચગાળાના સ્ટેજે આંસીક આદેસાત્મક મનાઇ હુકમ મંજુર થઇ શકે જે ચુકાદો માનસઃ વંચાણે લીધો.

બન્ને પક્ષે રજુ થયેલ રજુઆત જોતા વાદી જે જમીન તેઓને મળેલ હોવાની રજુઆત કરે છે તે જમીન તેઓને મળેલ પ્લોટ છે કે કેમ તે પુરાવો લીધા સીવાય નક્કી થઇ સકે તેમ નથી.હાલના તબક્કે વાદીને સરદાર આવાસ યોજના હેઠળ પ્લોટ ફળવાયેલ છે તે બીન તકરારી છે હવે વાદીના પ્લોટ આગળ ના રસ્તા ઉપર પ્રતીવાદી નં.૧ નાએ દબાણ કરેલ છે અને તેથી વાદી પોતાના પ્લોટ ઉપર માલ સામાન લઇ જઇ સકતા નથી તેવી વાદીનુ કથન છે જયારે પંચાયત નો જવાબ જોતા વાદીએ નીયત શમય મર્યાદામાં બાંધકામ કરેલ નથી જેથી વાદીને મળેલ સહાય પરત કરવા વાદી બંધાયેલ છે તેવી રજુઆત છે.પ્રતીવાદી નં.૧ ના દબાણ બાબતે પંચાયતે કોઇ ખુલાસો કરેલ નથી તે સંજોગોમાં વાદી જે જમીન તેઓને મળેલ હોવાની રજુઆત કરે છે તે જમીન તેઓને મળેલ પ્લોટ છે કે કેમ તે પુરાવો લીધા સીવાય નક્કી થઇ સકે તેમ નથી પરંતુ તે દરમ્યાન જો વાદીને ફળવાયેલ પ્લોટ રદ કરવામાં આવે કે વાદી ને અપાયેલ સહાય પાછી લેવામાં આવે તો વાદીને ફરીથી તે પ્લોટ કે સહાય નપણમળે. અને તે સંજોગોમાં તેટલા પુરતો વાદીનો પ્રથમ દર્સનીય કેસ હોય તેવુ જણાય છે અને બેલેન્સ ઓફ કન્વીયન્સ કે ઇરીપરેબલ લોસનો મુદ્દો વાદીયોની તરફેણમાં અંશતઃ હોય

તેવુ જણાય છે અને તે સંજોગોમાં મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ હું અંશતઃ હકારમાં આપુ છું અને મુદ્દા નં.૪ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું .

હુકમ

વાદીયોની આંક ૫ ની કામચલાઉ મનાઇ હુકમની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.અને હાલના તબકકે દાવાના આખરી નીકાલ સુધી વાદી સામે બીજી કોઇ કાર્યવાહી નકરવા પ્રતીવાદી નં.૩ અને ૪ ને હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૨૪માહે ફેબ્રુઆરી સને ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૪/૨/૨૦૧૬

અરફાત એ.વાયડા
પ્રીન્સીપાલ સીવીલ જજ
આમોદ
કોડ નં.જીજે૦૦૯૮૬